## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



વડિલ... આ જગ્યાની કિંમત વધુ છે તેનું કારણ... સામે બેન્ક છે... રોજ પેટ્રોલ બાળ્યા વગર બે હજાર મોજથી લઈ શકશો.

# મનપાના સફાઈ કામદારોએ પડતર પ્રશ્નો અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા ૧૭૫ થી વધુ કાયમી સફાઈ કામદારોની વારંવાર બદલી કરવામાં આવે છે તેમજ કામદારોના વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ગાંધીનગર શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા સમાજ કલ્યાણ વિભાગના મંત્રી અને જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી છે. જેમાં સફાઈ કામદારોને રહેમરાહે નોકરી અને બઢતી પામેલા કર્મચારીઓના વેતનમાં વધારો થવા પામ્યો નથી તે સહિતના અનેક પ્રશ્નો અંગે યોગ્ય કરવા જણાવાયું છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં અત્યારે હાલ ૧૭૫ થી વધુ કાયમી સફાઈ કામદારો ફરજ બજાવે છે. આ કર્મચારીઓ વર્ષોથી જે તે સેકટરોમાં ફરજ બજાવતા હોવાથી ત્યાંના જાણકાર થઈ ગયા હોય છે. જયારે મનપામાં આઉટસોર્સીંગથી ૨૦૦થી વધુ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. આ કર્મચારીઓની માંગ છે કે તેમને પોતાને કેટલાક સેકટરો જ તમામ આપી દેવામાં આવે જેમાં સફાઈની જવાબદારી તેમના શિરે રહે પરંતુ તેઓ સેકટરોની તેમજ માર્ગોની ભુગોળથી આઉટસોર્સિંગના કર્મચારીઓ વાકેફ ન હોવાથી કામ સરસ અને સરળ બનતુ નથી. જેના લીધે નાગરીકોમાં ફરિયાદ ઉઠવા પામે છે. ત્યારે આઉટસોર્સિંગના કર્મીઓની ફરિયાદને પગલે કાયમી સફાઈ કામદારોને હેરાન થવાનો વારો આવે છે. અધિકારીઓ દ્વારા વારંવાર તેઓની બદલી કરી દેવામાં આવે છે. તેમજ કર્મચારીઓ વચ્ચે ભેદભાવ ભરી નિતી અપનાવામાં આવે છે. જયારે કાયમી કર્મચારીઓને બઢતી આપીને તેઓને મુકાદમ તેમજ કલાર્કની કામગીરી સોંપવામાં આવી છે. પરંતુ પગાર ધોરણ ના આપતા કર્મચારીઓમાં રોષ ભભુક્યો છે. જેને અનુલક્ષી કાયમી સફાઈ કામદારોએ ગાંધીનગર સફાઈ કામદાર યુનિયન નેજા હેઠળ સમાજ કલ્યાણ વિભાગના મંત્રી અને જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરીને પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી છે.

# સિનિયર સિટીઝન કાઉન્સીલની એમ્બ્યુલન્સના ભાડામાં ઘટાડો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં છેલ્લા ૧૧ વર્ષથી અમદાવાદ, ગાંધીનગર અને સમગ્ર ગુજરાતમાં જરુરીયાતમંદોને રાહતદરે એમ્બ્યુલન્સ સેવા સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા પુરી પાડવામાં આવે છે. શહેરની સેવાકીય સંસ્થાને તાજેતરમાં રિલાયન્સ કેપિટલ કંપની દ્વારા ભેટ સ્વરુપે સીએનજી યુકત નવી મેડીકલવાન આપવામાં આવી છે. અત્યાર સુધી સિસિકા



દ્વારા ડિઝલવાનથી સેવા આપવામાં આવતી હતી. ત્યારે સિ.સિ.કા.માં નવિન સીએનજી એમબ્યુલન્સવાન હવેથી સુધારેલા અને ઘટાડેલા દરથી સેવા આપવા માટે કટીબધ્ધ છે. જે શહેરની કોઈપણ સેવા સંસ્થા કરતાં સૌથી ઓછા ભાવે એમ્બ્યુલન્સ સેવા પુરી પાડશે. એમ્બ્યુલન્સના ઘટાડેલા દર નીચે મુજબ છે.

ગાંધીનગર શહેરની લોકલ સેવા માટે ચાર્જ માત્ર રૂ.૧૫૦, એપોલો હોસ્પિટલ દર્દીને લઈ જવા માટે ચાર્જ રૂ.૨૦૦, ગાંધીનગર થી અમદાવાદ ખાતે હોસ્પિટલનો ચાર્જ માત્ર રૂ.૪૦૦, જયારે ગાંધીનગરથી અમદાવાદ સિવાયના રાજયમાં અન્ય સ્થળ પર દર્દીને લઈને જવા માટે પ્રતિ કી.મી. રૂ.૮ ચાર્જ રહેશે. આ સેવા જે તે સ્થળે આવવા જવા સાથેનો છે. જેમાં એક કલાકનું રોકાણ નિશુલ્ક રહેશે. આ એમ્બ્યુલન્સ સેવા માટે મો.૯૮૨૪૬૮૦૨૭૧ પર સંપર્ક કરવા સિનિયર સિટીઝન કાઉન્સીલના મંત્રી જે.એલ.શાહ અનુરોધ કરે છે.

# રાજ્ય શિક્ષણ બોર્ડ સાથે જોડાણ ધરાવતી ૭ શાળાઓમાં અન્ય અભ્યાસક્રમનું શિક્ષણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની અંગ્રેજી માધ્યમની સાત સ્કૂલોમાં જોડાણ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું પણ શાળામાં અભ્યાસક્રમ ઈન્ટરનેશનલ બોર્ડ અને સી.બી.એસ.ઈ.નો ચાલતો હોવાનું ધ્યાને આવતાં શિક્ષણતંત્રએ આ શાળાઓને નોટીસ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦૭ જેટલી અંગ્રેજી માધ્યમની શાળાઓ હાલ ચાલે છે. તેની આ સપ્તાહ દરમ્યાન અભ્યાસક્રમને લઈ ચકાસણી કરવામાં આવતાં આ સમગ્ર બાબત બહાર આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૦૭ સ્કૂલો પૈકી ૧૮ શાળાઓનું જોડાણ સીબીએસઈ સાથે છે તો ૮૫ શાળાઓનું જોડાણ માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે છે તો ૪ શાળાઓનું જોડાણ ઈન્ટરનેશનલ બોર્ડ સાથે છે.

જે સાત સ્કૂલો માધ્યમિક શિક્ષણ બોર્ડનું જોડાણ ધરાવે છે તે પૈકીની ૪ શાળાઓમાં ઈન્ટરનેશનલ બોર્ડ મુજબનો અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યાનું ચકાસણી દરમ્યાન જણાઈ આવેલ છે. જ્યારે ત્રણ સ્કૂલોમાં સીબીએસઈનો અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહેલ છે.

આ અંગે મળતી વિગતો પ્રમાણે ત્રણેક સ્કૂલોએ માધ્યમિક શાળાઓ સાથે જોડાણ રદ કરાવવા માટેની કાર્યવાહી કરી દીધી છે અને સીબીએસઈ સાથે જોડાણ આપવાની માંગણી પણ કરી દીધી છે જેને હજુ સુધી ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી પણ તેઓ આ બાબતે આશાવાદી છે.

જિલ્લા શિક્ષણતંત્રએ સમગ્ર બાબતનો એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરી અને રાજ્ય સરકારને પણ સુપ્રત કર્યો હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લા શિક્ષણતંત્રએ આ અંગે ત્રણે દિવસસુધી સઘન અભિયાન પણ ચલાવ્યું હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

# શહેરના અસ્થાયી બજારોમાં ઈ-પેમેન્ટ તથા સ્વચ્છતા જાળવવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૧૭

ચલણી નોટોની બદલીના વર્તમાન સમયમાં પાટનગરમાં ભરાતા અસ્થાયી બજારોમાં કેશલેસ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવા જાગૃત નાગરિક પરિષદે મ્યુનિસિપલ કોર્પોરેશનને અપીલ કરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રવક્તા મનિષ દવેએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર દ્વારા જણાવ્યું છે કે શહેરના મેદાનો ઉપર કોર્પોરેશનની મંજૂરીથી વિવિધ બજારો, મેળાઓ ભરાય છે. મનોરંજન કાર્યક્રમો પણ યોજાય છે. દા.ત. તાજેતરમાં ઘ-૫ તથા સેક્ટર-૬ના મેદાનમાં તિબેટિયન બજાર તથા અન્ય બજારો ચાલી રહ્યાં છે. આ પ્રકારના બજારોમાં કેશલેસ પેમેન્ટની સુવિધા માટે ડિજિટલ પેમેન્ટનીસુવિધાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવાનું ફરજિયાત બનાવવું જોઈએ સાથે સાથે વેચાણની વસ્તુઓના પાકા બીલ પણ ગ્રાહકોને મળવા જોઈએ.

આ બજારોમાં પેકિંગ માટે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવે છે. પાટનગરમાં પ્લાસ્ટિક બેગ વાપરવા પર પ્રતિબંધ છે તેનો ફરજિયાત ચૂસ્ત અમલ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. આ સાથે જાગૃત નાગરિક પરિષદ દ્વારા જાહેર સ્થળોએ અસ્થાયી બજારો યોજવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મંજૂરી આપવામાં આવે છે ત્યારે ઉપર્યુક્ત શરતો મુકવામાં આવે તો નિયમભંગ પર નિયંત્રણ આવી શકે તેવું સૂચન કરવામાં આવ્યું છે.

# શહેરમાં રાત્રિના સમયે દબાણકર્તા નોનવેજની લારીઓ પણ દુર કરવા ઝૂંબેશ

ગાંધીનગર તા ૧૭

વાઈબ્રન્ટ સિમિટને અનુલક્ષી શહેરમાં દબાણો દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો સહીત સેકટરોમાંથી લારી ગલ્લાના દબાણો દુર કરી દેવાયા છે. વાઈબ્રન્ટ સમિટ સુધી એક મહીનો નગર દબાણમુક્ત કરવાના આ અભિયાન અન્વયે રાત્રિના સમયે સેકટરોમાં ધમધમતી નોનવેજની લારીઓ પણ દુર કરવા તંત્ર દ્વારા ગતરાત્રિના સમયે દબાણો દુર કરાયા હતા. નોનવેજની લારીઓ પર ગંદકી થતી હોવાની સાથે અનેક દુષણો પાંગરતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. ત્યારે રાત્રિના સમયે દબાણ શાખા દ્વારા ખાસ અભિયાન હાથ ધરાયુ છે.

શહેરને વાઈબ્રન્ટ લુક આપવા તંત્ર ની ટીમો કામે લાગી છે. નગરના મુખ્ય માર્ગો પર એક પણ લારી ગલ્લાના દબાણો ન દેખાય તે માટે દબાણકર્તાઓને સુચના આપી દેવામાં આવી છે. જેના પરિણામે નગરના રસ્તાઓ આસપાસ લારી ગલ્લા અદ્રશ્ય થઈ ગયા છે. આડા દિવસોમાં દબાણોથી ઘેરાયેલા શહેરના માર્ગો આસપાસ પાર્કીંગ વિસ્તાર પણ દબાણોનો અડ્ડો જોવા મળે છે. જેના પરિણામે પાર્કીંગ વ્યવસ્થા પણ ખોરવાઈ જાય છે. જયારે હાલ વાઈબ્રન્ટ ફિવર વચ્ચે શહેરમાંથી દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. માર્ગો આસપાસથી દબાણો દુર કરાયા બાદ રાત્રિના સમયે ધમધમતી નોનવેજની લારીઓ પણ તંત્ર દ્વારા દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. દબાણશાખાની ટીમ દ્વારા ગત રાત્રિના સેકટરોમાંથી નોનવેજની લારીના દબાણો દુર કરાયા હતા. નોનવેજની લારીઓ ધમધમતી હોય તે વિસ્તારમાં ગંદકી ખદબદતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે લારી ગલ્લા રાત્રિના સમયે ધમધમતા હોવાથી અસામાજિક તત્વોનુ દુષણ પણ પાંગર્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં શહેરને દબાણમુક્ત કરવાની ઝુંબેશ દરમિયાન નોનવેજની લારીઓ પણ કબજે લેવા માટે તંત્ર દ્વારા કડક કામગીરી હાથ ધરવામાં આવી છે.

# સરઢવ શાળા ખાતે અમૃત મહોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન પર્વ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા અમૃત મહોત્સવ-૨૦૧૭ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન પર્વની ઉજવણી આગામી તા.૮ જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શેઠ શામળદાસ મોતીચંદ સાર્વજનિક હાઈસ્કુલ અને શ્રી બી.પી.પટેલ હાયર સેકન્ડરી સ્કુલ સરઢવ ખાતે યોજાશે.

વર્ષ ૨૦૧૭ એટલે શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળનું અમૃત વર્ષ ૭૫ વર્ષની સફળતાપૂર્વકની યાત્રાના વધામણા માટે સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ પ્રવૃતિઓની ઝાંખી કરવાતા સંસ્થાના તા.૩૧-૧૦૨૦૧૬ના પત્રમાં નિર્દિષ્ઠ પાયારૂપ ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન પર્વ નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શેઠ મફતલાલ ચુનીલાલ શાહ (બાદશાશેઠ) ટ્રસ્ટી સરઢવ કેળવણી ઉતેજક મંડળ, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. જયારે અતિથિ વિશેષ તરીકે સરઢવ કેળવણી મંડળના કનુભાઈ રામદાસ પટેલ માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડશે.

તા.૮મી જાન્યુઆરીના રોજ યોજાનાર કાર્યક્રમમાં સંસ્થાના સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને આ પર્વમાં સહભાગી થઈ સંસ્થા સાથેના સ્નેહસ્મરણોની સંગાથે સ્નેહમિલન પધારવા સર્વેને કેળવણી મંડળના પ્રમુખ ગીરીશભાઈ નારણભાઈ પટેલે અનુરોધ કર્યો છે.



**ચિલોડા ખાતે નશાબંધીના ઐતિહાસિક નિર્ણયને ક્ષત્રિય ઠાકોર સેનાનો આવકાર**

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ખાતે ગુજરાત સરકારના નશાબંધી અંગેના કડક કાયદાની સુધારા જોગવાઈ માટેના નિર્ણય અંગે ચિલોડા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ આતશબાજી કરી આવકાર આપી ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો ગૌવિંદજી ઠાકોર, રાજુભાઈ વાઘેલા, દિલિપજી ઠાકોર, ટીનાજી ઠાકોર સહિત અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે સે. ૨માં આધારકાર્ડ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના વોર્ડ નં. ૮ના સેકટર-૨ ખાતે આગામી સમયમાં આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવાનું હોઈ તે અંતર્ગત તા. ૧૮મી ડિસેમ્બર રવિવારે સવારે ૧૦થી ૧ વાગ્યા દરમિયાન અર્બન હેલ્થ સેન્ટર ખાતે રજીસ્ટ્રેશન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨ના રહીશો જેમને આધાર કાર્ડ કઢાવવાનું બાકી હોય તેમણે રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન સે. ૨ના અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી ફોર્મ મેળવી રજીસ્ટ્રેશન કરાવી લેવા વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાતે અનુરોધ કર્યો છે.

# સાઈ ખાતે નિવાસી તાલીમ માટે દિવ્યાંગ ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા ફેબ્રુઆરીમાં

**દેશભરમાંથી એથ્લેટિક્સ, સ્વીમીંગ તથા પાવર લિફટીંગના ૫૦ દિવ્યાંગ ખેલાડીઓ પસંદ કરાશે : પસંદગી પ્રક્રિયામાં સામેલ થવા વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી વિગતો ભરી ઈમેલ કરવાનું રહેશે**

ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને નિવાસી તાલીમ આપવાની જાહેરાત કરાઈ હતી. આ અંતર્ગત સાઈના મહાનિર્દેશક ઈન્જેતી શ્રીનિવાસ દ્વારા દિવ્યાંગ ખેલાડીઓ માટે ખેલ પ્રશિક્ષણ કેન્દ્ર યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત તા. ૩જી ફેબ્રુઆરી-૨૦૧૭થી તા. ૫મી ફેબ્રુઆરી-૨૦૧૭ દરમ્યાન એથ્લેટિક્સ, સ્વીમીંગ, પાવર લિફટીંગ વગેરે રમતોના પુરૂષ તથા મહિલા વિભાગના ૫૦ દિવ્યાંગ ખેલાડીઓ માટે પસંદગી પ્રક્રિયા સાઈ ગાંધીનગર ખાતે યોજાશે. આ પસંદગી પ્રક્રિયા માટે દેશભરના દિવ્યાંગ ખેલાડીઓ સાઈની વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી પોતાની વિગતો સંપૂર્ણ રીતે ભરી ઈમેલ દ્વારા મોકલી શકશે જેની તમામ જાણકારી સાઈની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

> દિવ્યાંગ ખેલાડીઓએ નિવાસી તાલીમ પસંદગી માટે તા. ૩જી થી તા. ૫મી ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર પ્રક્રિયામાં સામેલ થવા માટે અરજી કરવા સાઈની વેબસાઈટ www.saiwc.org પરથી ફોર્મ ડાઉનલોડ કરી તેમાં સંપૂર્ણ વિગતો ભરી ઈમેલ આઈડી sainswcpara@gmail.com ઉપર મોકલી આપવાનું રહેશે. પસંદગી પ્રક્રિયાની સંપૂર્ણ વિગતો સાઈની વેબસાઈટ પર દર્શાવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે તાજેતરમાં તેમની ગાંધીનગર ખાતેની મુલાકાત દરમ્યાન સાઈના ગાંધીનગર ખાતેના પશ્ચિમી કેન્દ્રને પેરાઓલ્મ્પિક ખેલાડીઓ માટે નોડલ સેન્ટર તરીકે વિકસાવવાની જાહેરાત કરી હતી. આ સાથે હવે દેશભરના દિવ્યાંગ ખેલાડીઓને અહીં નિવાસી તાલીમ આપવાની યોજના ખેલ પ્રશિક્ષણ કેન્દ્રનો પણ પ્રારંભ કરાઈ રહ્યો છે. જેના અનુસંધાનમાં એથ્લેટિક્સ, સ્વીમીંગ તથા પાવર લિફટીંગના ૫૦ દિવ્યાંગ ખેલાડીઓને પસંદ કરી એક વર્ષ માટે રહેવા-જમવાની વ્યવસ્થા સાથે નિવાસી તાલીમ અપાશે.

સાઈ ગાંધીનગરના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ દિવ્યાંગ ખેલાડીઓના પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા આગામી સમયમાં સાઈ ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપતા દેશના તમામ દિવ્યાંગ ખેલાડીઓ આવનારા સમયમાં આ સુવિધાનો લાભ મેળવી શકશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

# ચૈતન્ય શાળાનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ "ચૈતન્યોત્સવ" યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ગામ પાસે સ્થિત ચૈતન્ય સ્કૂલનો વાર્ષિકોત્સવ ચૈતન્યોત્સવ કાર્યક્રમ આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે આજરોજ ચૈતન્ય શાળાનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ ચૈતન્યોત્સવ યોજાયો હતો. જેમાં વિદ્યા નિકેતન ટ્રસ્ટના રવિ ગોપાલન એરાઉન્ડ ધ વલ્ડમાં અને કલર્સ ઓફ ધ વિન્ડમાં ત્યારબાદ બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમની શરુઆત થઈ હતી. જેમાં શાળાના ૫૦૦થી વધુના નાના ભુલકાથી લઈને ધો-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ હીન્દી-ગુજરાતી











ખાતે બપોરે યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ડાન્સ, સીંગીગ, ડ્રામા, સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો ફિલ્મીગીત, નાટક, ડાન્સ, હાસ્યના કાર્યક્રમો રજુ કરતા હાજર સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી બાળકોને વધાવી લીધા હતા. જયારે ખેલકુદમાં રજુ કર્યા હતા. ટાઉનહોલ ખાતે ૩ થી ૬ કલાક દરમિયાન નાના બાળકોનો એરાઉન્ડ ધ વલ્ડ થીમ પર કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ ધો-૬ થી ૧૨ વિદ્યાર્થીઓનો કલર્સ ઓફ ધ વિન્ડ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ આદિજાતિ વિકાસ બોર્ડના ચેરમેન રવિશંકર હાજર રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોએ દિપપ્રાગટય કરીને સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. જયારે શાળા પરિવાર દ્વારા મહેમાનોનું પુષ્પગુંચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને મહેમાનોએ પ્રાસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું. શાળાનું નામ રોશન કરનાર બાળકોને પણ પ્રોત્સાહીત કરાયા હતા. બાળકોને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાર્લામેન્ટરી કોન્ફરન્સ-૨૦૧૬માં ભાગ લેવા વિધાનસભા અધ્યક્ષશ્રી ઈગ્લેન્ડના પ્રવાસે

ગાંધીનગર, તા.૧૭

રાષ્ટ્ર સમૂહના દેશોની ૬૨મી વાર્ષિક પાર્લામેન્ટરી કોન્ફરન્સ-૨૦૧૬ ઈગ્લેન્ડના લંડન ખાતે યોજાઈ છે. આ પરિષદમાં ભાગ લેવા ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા ઈગ્લેન્ડ પ્રવાસે ગયા છે. આ પરિષદનું ઉદઘાટન કોમન વેલ્થ પાર્લામેટરી એસોસિએશનના મહાસચિવના પ્રવચનથી કરવામાં આવે છે. આ કોન્ફરન્સ દરમિયાન લોકશાહી શાસન પદ્ધતિને વરેલા રાષ્ટ્ર સમુહના દેશોને સ્પર્શતા જુદા જુદા છ વિષયો ઉપર ચર્ચા વિચારણા થશે. ખાસ કરીને ધાર્મિક સ્વાતંત્ર્ય, સ્ત્રી અને બાળકો સામે થતી હિંસાનો અંત લાવવાના ઉપાયો, જળ વાયુ પરિવર્તન અંગે-પેરીસ એગ્રીમેન્ટ પર ચર્ચા-વિચારણા તથા હાલના યુવા પેઢીના વિચારોમાં ધડમૂળથી ફેરફાર કરવાના સિદ્ધાંતો પર પ્રવર્તમાન રાજકારણના વિષયની ચર્ચા ઉપર ભાર મૂકવામાં આવશે. અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા લોકશાહીના પાયાના ઘટક તરીકે ધાર્મિક સ્વાતંત્ર્યના વિષય ઉપર ચર્ચામાં ભાગ લેશે. આ ઉપરાંત તેઓશ્રી આજની યુવાપેઢીના વિચારોમાં ધડમૂળથી ફેરફાર કરવાના સિદ્ધાંત પર પ્રવર્તમાન રાજકારણના વિષય પર તેમના વિચારો વ્યકત કરવાના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોમનવેલ્થ દેશોની કોન્ફરન્સ બાદ અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા તા.૧૭ થી ૨૧ ડિસેમ્બર- ૨૦૧૬ સુધી સ્વિત્ઝર્લેન્ડ, તા. ૨૩-૨૪ ડિસેમ્બર-૨૦૧૬ સુધી ફ્રાન્સ અને તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર-૨૦૧૬ સુધી યુ.એસ.એ. દેશોનો અભ્યાસ પ્રવાસ કરશે.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**

**સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ-ઈન્સ્ટોલેશન અને હાઈમાસ્ટ સર્વિસ-રીપેરીંગ કામગીરી બાબત.**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની સેક્ટર-૧૦એ ખાતે આવેલ મુખ્ય કચેરી અને સેક્ટર-૨૪ ખાતેના સ્ટાફ ક્વાર્ટસ ખાતે સ્ટ્રીટ લાઈટની રીપેરીંગ કરવાની કામગીરી અને ગોડાઉન સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે સ્ટ્રીટ લાઈટના નવા પોલ ઈન્સ્ટોલેશનની તેમજ હાઈમાસ્ટની સર્વિસ-રીપેરીંગ કામગીરી કરવાની હોવાથી આ પ્રકારની કામગીરી કરતી ગાંધીનગર અને અમદાવાદની સ્થાનિક ઈલેક્ટ્રીકલ્સ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી માટેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામેથી જાગીર શાખામાં રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવી તા. ૩૦/૧૨/૨૦૧૬ સુધીમાં કચેરી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ભરેલું ટેન્ડર ફોર્મ બંધ કવરમાં તા. ૬/૧/૨૦૧૭ના રોજ સાંજના ૧૭.૩૦ કલાક સુધી કચેરીમાં જમા કરાવવાનું રહેશે. કવર ઉપર 'સ્ટ્રીટ લાઈટ-હાઈમાસ્ટ રીપેરીંગ-સર્વિસ કામગીરીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

માહિતી/૨૨૨૨/૧૬-૧૭ નિયામક